ચોપાઇ- એવી લીળા અલબેલે કીધી, પછી સંતને શિખજ દીધી।
કહે નાથ સુણો સહુ જન, તમે રહેજયો મનમાં મગન ॥૧॥
વળી કરશું ઉત્સવ અમે, મળી આવજો મુનિઓ તમે ।
જાઓ ફરો કરો હરિ વાત, રહેજયો રાજી તમે રળિયાત ॥૨॥
ઘણા ઘણા ઉત્સવ કરીને, દઈશ સુખ હું ફરિફરિને ।
અતિ તમને લડાવવા લાડ, મારા મનમાં છે ઘણી ચાડ ॥૩॥
કરૂં તમને પૂરણકામ, એમ બોલિયા સુંદરશ્યામ ।
સંત સાંભળી વાલાની વાણી, ચાલ્યા આનંદ ઉરમાં આણી ॥૪॥
કૈક ગયા છે ગુરજરદેશ, કૈકે કર્યો કચ્છે પ્રવેશ ।
વાગડ સોરઠ વાલાકે વળી, ગઈ મારૂ દેશમાં મંડળી ॥૫॥
કૈક પોત્યા છે પૂરવ માંય, કરવા વાત પ્રભુજીની ત્યાંય ।

એમ સર્વે દેશે સંત ગયા, જેને રાખ્યા તે પાસળે રહ્યા ॥૬॥
એમ આનંદમાં સહુ સંત, કરે લીળાની વાતો અત્યંત ।
ચિંતવે નિત્ય ચરિત્ર ચિત્તે, કરે પરસ્પર વાતો પ્રીતે ॥૭॥
તેણે આનંદ અંગે ન માય, રાત્ય દિવસ રાજીપે જાય ।
કરે વાત પ્રભુની વિસ્તારી, સુણે પરસ્પર નરનારી ॥૮॥
સાચી વાત શ્રવણે સાંભળી, થાય સત્સંગી કુસંગી ટળી ।
આપે જ્ઞાન દાન એમ સંત, ફરે જગતમાં તારવા જંત ॥૯॥
જીયાં જીયાં મુનિજન ફરે, તિયાં પૃથિવી પાવન કરે ।
એવા સંત જન સુખકારી, અતિ પવિત્ર પરઉપકારી ॥૧૦॥
જેને એક હરિની છે આશ, સર્વે જકતથી રહે છે ઉદાસ ।
જેને પૂરણબ્રહ્મશું પ્રીત, અન્ય વસ્તુ ન ચિંતવે ચિત્ત ॥૧૧॥
એવા સંત સહુ શિરોમણી, કહીયે મોટપ્ય શું એની ઘણી ।
પરમારથ અર્થે છે ફરવું, વચ્ચે જીવનું કલ્યાણ કરવું ॥૧૨॥
સુખદાયક સહુ જનના, અતિ ઉદાર મોટા મનના ।
એવા સંત અત્યંત ઉદાર, તેણે કર્યો છે એમ વિચાર ॥૧૩॥
વરતિ વસંતઋતુ રૂપાળી, આવ્યાં વન નાવ્યા વનમાળી ।
આવ્યા અંબ કદંબ અપાર, કેશુ કેશરનો નહિ પાર ॥૧૪॥
આવ્યાં ચંપા ચમેલીએ ફુલ, ફુલ્યાં ગુલાબ ગેહેરા અમુલ ।
ફુલી સુંદર ફુલે સેવતી, બીજાં વનવેલી ફુલી અતિ ॥૧૫॥
આવ્યા તરુ તે ભાર અઢાર, કેમ નાવિયા ધર્મકુમાર ।
એમ કહિને થયા ઉદાસ, અતિદલે દલગીર દાસ ॥૧૬॥
કોઈ ગદ્‌ગદ્‌ વાણીએ બોલે, કોઈ આતુર અંતરે ડોલે ।
કોઈને આવ્યાં નયણે નીર, સહુ અંતરે પામ્યા અધીર ॥૧૭॥
જળ વિના જેમ અકળાય મીન, સ્વાંત વિના જેમ ચાતક દીન ।
મેઘ વિના જેમ અકળાય મોર, ચંદ્ર વિના અકળાય ચકોર ॥૧૮॥
એમ અતિ અકળાણા જન, પછી કરવા બેઠા ભજન ।
ધારી મૂરતિ અંતરમાંય, જપે નારાયણને જીભાય ॥૧૯॥

એમ બેઠા છે ઘડી બે ચાર, થયાં શુકન શુભ તે વાર ।
કેની ભુજા ફરકી જમણી, કેની ફરકી આંખ્ય નમણી ॥૨૦॥
કેની ફરકી છે પગની પેની, કહે પરસ્પર વાત તેની ।
કરતા વાત તે શુકનતણી, આવી ત્યાં વાલાની વધામણી ॥૨૧॥
કહે અમે ગઢડેથી આવ્યા, સર્વે મુનિને તિયાં તેડાવ્યા ।
એવું સંત શ્રવણે સાંભળી, ચાલી ગામોગામથી મંડળી ॥૨૨॥
આવ્યા સંત પ્રભુજીને પાસ, આપે ઉઠી મળ્યા અવિનાશ ।
અતિ હેતે હસીને બોલાવ્યા, કહે નાથ સંત ભલે આવ્યા ॥૨૩॥
આજ ક્યાં થકી આવિયા ચાલી, કરો ભિક્ષા કહે કર ઝાલી ।
સુંદર રસોઈ કરી છે સારી, શાક પાક તાજાં છે તયારી ॥૨૪॥
પછી બેઠી સંતની પંગતિ, આપે પીરસે આનંદે અતિ ।
નિત્ય નવી રસોયું કરાવે, જોરેજોરે જમાડી હરાવે ॥૨૫॥
અતિ આનંદમાં અલબેલો, દિયે છાકમછોળ છબિલો ।
ના ના કરતાં ભરી દિયે ભાણું, એ સમાની શોભા શું વખાણું ॥૨૬॥
શિશે શોભે છે સોનેરી રેંટો, કેડ્યે કશ્યો છે કસુંબી ફેંટો ।
પહેરી સુથણી સુંદર શોભે, જોઈ નાડી રૂડી મન લોભે ॥૨૭॥
ગળે પહેર્યા ગુલાબના હાર, તોરા લેકે ને બેકે અપાર ।
કોટે શોભે કનકની માળા, કરમાં કનક કડાં રૂપાળાં ॥૨૮॥
હાથે મુદ્રિકામાંય છે મણિ, તેની ઝગમગે જોત્ય ઘણી ।
કરે લટકાં ને લાડવા હાથ, જમે જન જમાડે છે નાથ ॥૨૯॥
વળી કરે અલૌકિક વાત, સુણી સંત થાય રળિયાત ।
એમ વીતિ ગયા દશ દિન, આવ્યા બોટાદના હરિજન ॥૩૦॥
આવી લાગ્યા પ્રભુજીને પાય, અતિ હરષે ભર્યા મનમાંય ।
કહે આવિયે અમારે ગામ, હરિ પુરીએ સહુની હામ ॥૩૧॥
સર્વે જોઈ રહ્યા જન વાટ, વાલા તમારાં દર્શન માટ ।
સર્વે સંત સહિત પધારો, હરિજનને હર્ષ વધારો ॥૩૨॥
સર્વે કરી મુક્યો છે સમાજ, તમારે પ્રતાપે મહારાજ ।

એવું સુણી રાજી હરિ થયા, સારું આવશું અમે સહુ તિયાં ॥૩૩॥
પછી શ્યામળિયો સજજ થઈ, ચાલ્યા સંગે સખા સંત લઈ ।
શોભે શ્રીહરિ ઘોડાની ઘટે, આવી ઉતર્યા તળાવ તટે ॥૩૪॥
દેશદેશના આવ્યાતા દાસ, તે પણ ઉતરિયા આસપાસ ।
પછી ઉઠિયા દીનદયાળ, સર્વે સંઘની લેવા સંભાળ ॥૩૫॥
ફર્યા ઉતારે ઉતારે નાથ, કહે સુખીયા છો સહુ સાથ ।
કાંઇ જોઇએ તે મંગાવી લેજો, ખરચી નોય તો અમને કહેજ્યો ॥૩૬॥
એમ પુછિયું સહુ દાસને, પછી અલબેલો આવ્યા આસને ।
ગાડા ઉપર ઢોલિયો ઢાળી, તિયાં પોઢ્યા પોતે વનમાળી ॥૩૭॥
સતસંગી ને સર્વે સંત, રહ્યા રાત્ય ભેળા ભગવંત ।
અતિ આનંદમાં ગઇ રેણ, પછી જાગિયા કમળનેણ ॥૩૮॥
તર્ત મગાવ્યો વાજી તે વાર, તે પર નાથ થયા અસવાર ।
જોઇ સીમ ને વાડી સઘળી, પછી નાહિને આવિયા વળી ॥૩૯॥
આવી ગામમાં દર્શન દીધાં, સર્વે જન કૃતારથ કિધાં ।
પછી સુંદર કરી રસોઇ, જમ્યા નાથ જનભાવ જોઇ ॥૪૦॥
પછી જમાડિયા સર્વે સંત, કરી મનવાર આપે અત્યંત ।
પછી પધારીયા પુરબાર, આવ્યાં દર્શને સહુ નરનાર ॥૪૧॥
અતિ આનંદમાં વિત્યો દન, કરી આરતી જમ્યા જીવન ।
પછી ગવૈયે ગાવણું લીધું, ગાઇ જીવત સુફળ કીધું ॥૪૨॥
બહુવાર દીધાં દરશન, પછી ગામમાં આવ્યા જીવન ।
તિયાં પોઢિયા પ્રાણઆધાર, સુખ આનંદે થયું સવાર ॥૪૩॥
પછી ઘોડે ચડ્યા ગિરિધારી, આવ્યા સંઘમાંહિ સુખકારી ।
પછી સર્વે જન લઇ સાથ, આવ્યા ગામમાંહિ પોતે નાથ ॥૪૪॥
શહેર બજારે સંત ન માય, ઉડે ગુલાલ હોળી રમાય ।
વાજે ઢોલ દદામાં શરણાઇ, જય શબ્દે રહ્યો નભ છાઇ ॥૪૫॥
એમ રંગે રમ્યા હરિ હોળી, સંગે લઇ મુનિજન ટોળી ।
પછી નાહિને આવિયા નાથ, આવ્યા સર્વે સંતજન સાથ ॥૪૬॥

આવી કર્યાં પ્રભુએ ભોજન, પછી જમાડિયા સર્વે જન ।
ત્યાંથી આવિયા દરબારમાંય, હતો મંડપ ચોતરો ત્યાંય ॥૪૭॥
તિયાં બેઠા રાજા અધિરાજ, આવ્યા મલ્લ ત્યાં રમવા કાજ ।
રમી મલ્લ ને મજરો કીધો, આપી રૂપૈયા શિરપાવ દીધો ॥૪૮॥
પછી સંતને તેડાવ્યા નાથે, આપ્યા પ્રસાદી મોદક હાથે ।
પછી સંતને શિખજ દિધી, એવી લીળા બોટાદમાં કીધી ॥૪૯॥
લીધો લાવો અલૌકિક જને, ફાગણશુદી પુન્યમને દને ।
તેદિ ઉત્સવ કર્યો મહારાજે, સંતને સુખ આપવા કાજે ॥૫૦॥
સોમલો ભક્ત વળી હમીર, ભગા હીરા ભગત સુધીર ।
એહ આદિ હરિજન જેહ, તેણે કરાવ્યો ઉત્સવ તેહ ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્યનિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે મહારાજે બોટાદમાં ફુલદોલનો ઉત્સવ કર્યો એ નામે એકાશીમું પ્રકરણમ્ ॥૮૧॥